સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ સુદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

**આજનો સુવિચાર**

અષાઢ ચુકેલો ખેડૂત,
ડાળી ચુકેલો વાંદરો,
વૃક્ષથી ખરેલુ પાંદડુ અને
શાળાથી ભાગેલો વિદ્યાર્થી
હંમેશા પસ્તાય છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૬ ● તારીખઃ ૨૫.૦૮.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ખાતરીઓ પૂરી ન કરવાના આક્ષેપ સાથે કોકરોચ રિટર્ન્સઃ સાવધાન ભાજપ

## આંદોલનની આડમાં ફરી દિલ્હીને ધણધણાવવાનો પ્લાનઃ કોકરોચ જનતા પાર્ટીના ૫ સપ્ટેમ્બરે ઈન્ડિયા ગેટ પર ધરણાં

**સમય સંદેશઃ નવીદિલ્હી**

જંતર-મંતર ખાતે ૧ મહિનાથી વધુ સમય સુધી આંદોલન ચલાવનાર કોકરોચ જનતા પાર્ટી દ્વારા ફરી એકવાર દેશની રાજધાની દિલ્હીમાં મોટા પાયે એકત્ર થવાની જાહેરાત કરવામાં આવી છે. પક્ષે ૫ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં શાંતિપૂર્ણ વિરોધ માર્ચ યોજવાની જાહેરાત કરતાં આરોપ લગાવ્યો છે કે, ભારત સરકારે ૨૫ જુલાઈના રોજ યુવાનોને આપેલા વચનો પૂરા કર્યા નથી. પક્ષના જણાવ્યા અનુસાર, સરકારના વચનો બાદ જ યુવાનોએ સદ્ભાવના દર્શાવીને પોતાનો દેશવ્યાપી વિરોધ પાછો ખેંચ્યો હતો.



૫ સપ્ટેમ્બરના રોજ યોજાનારી આ શાંતિપૂર્ણ માર્ચ ઈન્ડિયા ગેટથી શરૂ થઈને નવી દિલ્હી પોલીસ મુખ્યાલય તરફ આગળ વધશે. CJPના સહ-સંયોજક સૌરવ દાસના જણાવ્યા પ્રમાણે, આ વિરોધ માર્ચનું નેતૃત્વ NEET પરીક્ષા સંબંધિત કેસોમાં જીવ ગુમાવનારા વિદ્યાર્થીઓના પરિવારો અને કથિત પોલીસ બર્બરતાનો ભોગ બનેલા લોકો કરશે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ, યુવા સંગઠનો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાય તેવી શક્યતા છે. પક્ષે જણાવ્યું કે, 'અમે જેન જી, યુવા પ્રદર્શનકારીઓ અને મૃતકોના પરિવારો સાથેનો વિશ્વાસઘાત સ્વીકારીશું નહીં. ૫ સપ્ટેમ્બર, ઈન્ડિયા ગેટ. યુવાનો ફરી એકવાર એકઠા થશે.'

પક્ષ દ્વારા સોમવારે રાષ્ટ્રીય કાર્યસમિતિની ઓનલાઇન બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્ર સરકાર અને શાસિત રાજ્યો દ્વારા આપવામાં આવેલા વચનોની સમીક્ષા કરવામાં આવી હતી, જેના આધારે ૨૫ જુલાઈના રોજ

અનુ પાના નં.૨ પર

## દેશભરમાં સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં બેંકિંગ સેવાઓ ખોરવાઈ શકે છેઃ UFBU દ્વારા હડતાળની ઘોષણા

### ૫ દિવસનું બેંકિંગ લાગુ કરવા અને સુધારેલી PLI સ્કીમ સામે બેંક કર્મચારીઓનો કડક વિરોધઃ ત્રણ તબક્કામાં આંદોલન યોજાશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશભરમાં આગામી મહિનાથી બેંક કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને આંદોલનના માર્ગે જઈ રહ્યા છે, જેના કારણે સપ્ટેમ્બર અને




ઓક્ટોબર માસ દરમિયાન બેંકિંગ સેવાઓ પર વ્યાપક અસર પડવાની પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે. કર્મચારીઓ અને અધિકારીઓના મુખ્ય અગ્રણી

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં સિટી બસે દિવ્યાંગ વૃદ્ધને અડફેટે લેતા અકસ્માતઃ સાઈકલ સાથે ફંગોળાયેલા વૃદ્ધ ઘવાયા





તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સિટી બસના ચાલકે પ્રદર્શન ગ્રાઉન્ડ નજીકથી પસાર થઈ રહેલા એક દિવ્યાંગ વૃદ્ધને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. બસની જોરદાર ઠોકરે દિવ્યાંગ વૃદ્ધ પોતાની ત્રિચક્રી સાઈકલ સાથે રોડ પર

અનુ પાના નં.૨ પર

## ડુંગળીના ભાવ વધતા સરકારનો મોટો પ્લાન! બફર સ્ટોક બહાર આવશે, નાશિકથી 'કાંદા એક્સપ્રેસ' દોડશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

સરકારનું કહેવું છે કે દેશમાં ડુંગળી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે અને તાજેતરના ભાવ વધારાને નિયંત્રિત કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

ડુંગળીના ભાવમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે. અહેવાલો અનુસાર માત્ર એક મહિનામાં ડુંગળીના ભાવમાં લગભગ ૨૦%નો વધારો થયો છે. દિલ્હી, ચેન્નાઈ, ગુવાહાટી અને કોચી જેવા શહેરો ડુંગળીના ભાવ વધારાથી ભારે ઝટકો લાગ્યો છે, છૂટક બજારમાં ૧ કિલો ડુંગળી ૬૦-૬૫ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહી છે.

ડુંગળીના ભાવમાં આ વધારા બાદ સરકારે એક નિવેદન બહાર પાડ્યું છે. તેમાં મોદી સરકારે જણાવ્યું હતું કે દેશમાં ડુંગળીની ઉપલબ્ધતા પૂરતી છે અને આગામી




મહિનાઓ માટે સ્થાનિક માંગને પહોંચી વળવા સક્ષમ બનશે, ભાવ વધારાનું કારણ સમજાવીને ભાવ નિયંત્રણ માટે આગળની યોજનાઓની વિગતો શેર કરી.

સરકારે ડુંગળીના ભાવ વધારા અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ડુંગળીનું ઉત્પાદન આશરે ૩૦૭.૩૭ કખઝ થવાનો અંદાજ છે, જે ગયા વર્ષના ૩૦૭.૬૭ કખઝ જેટલું જ છે. દેશમાં ડુંગળી પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે અને આગામી મહિનાઓમાં સ્થાનિક માંગને પૂર્ણ કરી શકે છે.

સરકારે જણાવ્યું હતું કે ડુંગળીના ભાવમાં સામાન્ય રીતે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં મોસમી વધારો જોવા મળે છે, જે તહેવારોની માંગ તેમજ હવામાન અને પુરવઠા

અનુ પાના નં.૨ પર

## જન્માષ્ટમીના લોકમેળાની તૈયારી શરૂઃ રાઈડના ધંધાર્થીઓનું આગમન



તસવીરઃ હિરેન ગાંધી

### સલામતી માટે સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત જામનગર મહાનગરપાલિકા ઉતારાશે રૂા.પાંચ કરોડનો વીમો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં શ્રાવણ વદ પાંચમથી અમાસ સુધી (તા. ૧ થી ૧૧ સપ્ટેમ્બર) દર વર્ષની માફક પારંપરિક શ્રાવણી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડરો પૈકી ૪ પ્લોટ વેચાયા વગરના રહ્યા હતા, જ્યારે બાકીના ૩૯ પ્લોટોના ટેન્ડર મારફતે તંત્રને રૂ. ૧.૭૦ કરોડની આવક થઈ છે. મ્યુનિસિપલ એસ્ટેટ, ટીપીડીપી અને લાઈટ શાખાની ટીમોની ઉપસ્થિતિમાં શનિવારે સવારથી સાંજ સુધીમાં મેળાના પ્લોટોની ક્ષેત્રફળ મુજબ માપણી કરી ચૂનાના પટ્ટા વડે અંકિત કરી નંબર ફાળવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ કાર્યવાહી પૂરી થતાં જ સોમવાર સવારથી રાઈડ્સના ધંધાર્થીઓ પોતપોતાના માલ-સામાન સાથે મેળાના સ્થળે આવવાનું શરૂ થઈ ગયું છે.

મેળો શરૂ થવાને હવે માત્ર ૮ દિવસ બાકી હોવાથી ધંધાર્થીઓને લાયસન્સ અને મંજૂરીની પ્રક્રિયા માટે ભારે દોડધામ કરવી પડી રહી છે. તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા મોડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાથે ધંધાર્થીઓએ માંગ કરી છે કે કલેક્ટર કચેરી (જડખ), ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગની મંજૂરીઓ માટે રાજકોટની માફક મેળાના સ્થળ પર જ ૫ ટેબલો મૂકીને સિંગલ વિન્ડો કેમ્પ રાખવામાં આવે, જેથી

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં સિટી-બી ડિવિઝન પોલીસનું ફૂટ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગઃ ૯ વાહનો ડિટેઈન કરાયા



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય, જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાની સૂચના મુજબ સિટી-બી ડિવિઝન પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ જામનગરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા અને ટ્રાફિક નિયમોના પાલન અર્થે સઘન વાહન ચેકિંગ તથા ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન શંકાસ્પદ વાહનો, ફેન્સી નંબર પ્લેટ, બ્લેક ફિલ્મ ધરાવતા વાહનો તેમજ ત્રિપલ સવારી જેવા ટ્રાફિક નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરી એમ.વી. એક્ટની કલમ-૨૦૭ હેઠળ ૦૯ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા અને નિયમભંગ કરનારાઓ પાસેથી કુલ રૂ. ૧૪,૧૦૦નો સમાધાન શુલ્ક વસૂલ કરવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં પણ કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવી સિટી-બી ડિવિઝન પોલીસ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

## જામનગરમાં ઉધાર આપેલા નાણાં મુદ્દે વૃદ્ધની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યાઃ ગણતરીના કલાકોમાં આરોપી હુસેન સંધિની ધડપકડ

### શંકર ટેકરી વિસ્તારમાં બની હતી લોહિયાળ ઘટનાઃ સિટી-સી પોલીસે હત્યારાને ઝડપી પાડ્યો







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શંકર ટેકરી, સુભાષપરા શેરી નં. ૧ માં આવેલા માલુભાના ચોક વિસ્તારમાં ઉધાર આપેલા રૂપિયા પરત માંગવા બાબતે થયેલી બોલાચાલીમાં ચંદ્રસિંહ મેરૂજી રાઠોડ (ઉ.વ.૬૦) નામના ક્ષત્રિય વૃદ્ધની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, આરોપી હુસેન ઇસ્માઇલભાઇ સંધીએ ચંદ્રસિંહને હાથઉછીના નાણાં આપ્યા હોય, તેની ઉઘરાણી કરવા તેમના ઘરે ગયો હતો. ત્યાં રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા હુસેન સંધીએ આડેધડ છરીના ઘા ઝીંકી ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી તેમની હત્યા નીપજાવી હતી. ઘટના બાદ વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવ અંગે મૃતકના માનેલા બહેન લક્ષ્મીબેન ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે હુસેન ઇસ્માઇલભાઇ સંધી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સીટી-સી પોલીસ મથકના સ્ટાફે ત્વરિત અને સઘન કાર્યવાહી હાથ ધરીને ક્ષત્રિય વૃદ્ધની હત્યામાં સંડોવાયેલા આરોપી હુસેન સંધિની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની આગળની પૂછપરછ હાથ ધરી છે.


## તંત્રી સ્થાનેથી..

# નાટોનો મોટો પડકાર !

ઈસ્લામીક 'નાટો' ભારત માટે આ સ્થિતિ અત્યંત ગંભીર સાબિત થઈ શકે છે! કારણ કે પશ્ચિમે પાકિસ્તાન અને પૂર્વમાં બાંગ્લાદેશ-બંને તરફ એક જ ગઠબંધનનું નેટવર્ક વિસ્તરી જશે, જેના કારણે ભારતે પોતાની સંરક્ષણ વ્યૂહરચના ફરીથી ઘડવી પડશે. જોકે, બાંગ્લાદેશ માટે પણ આ નિર્ણય સંપૂર્ણપણે જોખમમુક્ત નથી, કારણ કે આ કરારમાં 'એક સભ્ય દેશ પર હુમલો એટલે બધા પર હુમલો' ની જોગવાઈ છે. આ સ્થિતિમાં બાંગ્લાદેશે મધ્યપૂર્વના એવા વિવાદો અને યુદ્ધોમાં હોમાઈ જવું પડી શકે છે, જેની સાથે તેને કોઈ સીધો રાષ્ટ્રીય કે ભૌગોલિક સંબંધ નથી. બીજી તરફ, ઈરાનની સ્થિતિ આ સમગ્ર ગઠબંધનમાં એક અત્યંત રસપ્રદ અને સંવેદનશીલ પાસું ઊભું કરે છે. સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે દાયકાઓથી ચાલી આવતી પ્રાદેશિક સ્પર્ધાના કારણે પ્રથમ નજરે ઈરાનનું આ જૂથમાં આવવું પરસ્પર વિરોધાભાસી અને અશક્ય લાગી શકે છે. આમ છતાં, તેહરાને આ કરાર સામે કોઈ જાહેરમાં વિરોધ નોંધાવ્યો નથી, બલ્કે તેણે તેને મધ્યપૂર્વમાં અમેરિકન સુરક્ષા વ્યવસ્થા પરથી ઘટી રહેલા વિશ્વાસ તરીકે મૂલવ્યો છે. ઈરાન હંમેશાં એવું ઈચ્છતું રહ્યું છે કે મધ્યપૂર્વની સુરક્ષામાં પશ્ચિમી દેશો કે અમેરિકાનો કોઈ દખલઅંદાજ ન હોવો જોઈએ, જે આ ગઠબંધનના વિચાર સાથે મેળ ખાય છે. ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધોને સુધારવામાં તથા મધ્યસ્થતા કરવામાં પાકિસ્તાન એક મહત્વપૂર્ણ કડી સાબિત થઈ રહ્યું છે. પાકિસ્તાન અને ઈરાન વચ્ચે લાંબી સરહદ આવેલી છે, જેથી પાકિસ્તાન ઈરાનને આ નવા પ્રાદેશિક સુરક્ષા માળખામાં સામેલ કરીને પશ્ચિમ એશિયામાં પોતાની વ્યૂહાત્મક સ્થિતિ વધુ મજબૂત કરવા ઈચ્છે છે. જો ઈરાન ખરેખર આ ગઠબંધનમાં જોડાય છે, તો તે અત્યાર સુધી ગણાતા 'સુન્ની નાટો' ની છબીને સંપૂર્ણપણે બદલી નાખશે. સુન્ની સમુદાયનું કેન્દ્ર સાઉદી અરેબિયા અને શિયા સંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરતું ઈરાન જો એક જ મંચ પર આવે, તો તે મધ્યપૂર્વના સદીઓ જૂના સાંપ્રદાયિક તણાવને નવી દિશા આપી શકે છે. ભારત માટે ઈરાનનું આ વલણ અત્યંત જટિલ પરિસ્થિતિનું નિર્માણ કરે છે, કારણ કે નવી દિલ્હીએ ચાબહાર પોર્ટ અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે ઈરાનમાં ઘણું મોટું રોકાણ કર્યું છે. ઈરાન પર પાકિસ્તાન અને સાઉદીનો પ્રભાવ વધે તે ભારત માટે અનુકૂળ નથી, જોકે ઈરાન પોતે પાકિસ્તાનની ભારતવિરોધી નીતિઓને અંકુશમાં રાખવા માટે એક સંતુલનકારી બળ પણ બની શકે છે.



## હાલારના હાલહવાલ



# સુરજકરાડી વિસ્તારમાં દુર્લભ પેગોલિન જોવા મળતા કુતુહલ

**સમય સંદેશઃ સુરજકરાડી**

ઓખા નગરપાલિકાના સુરજકરાડી વિસ્તારમાં દુર્લભ વન્યજીવ પેગોલિન જોવા મળતાં સ્થાનિકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. રસ્તા નજીક આવેલા એક મકાનના પરિસરમાં આ પ્રાણી દેખાતા સ્થાનિકોએ તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી.



આ માહિતી મળતાં વનવિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સાવચેતીપૂર્વક પેગોલિનનું રેસ્કયુ કરી તેને સુરક્ષિત રીતે વનવિભાગના સંરક્ષણ કેન્દ્રમાં ખસેડ્યું હતું. પેગોલિન જોવા મળ્યાની જાણ થતાં આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. પેગોલિનનું શરીર કઠોર ભીંગડાંથી ઢંકાયેલું હોય છે અને તેનો મુખ્ય ખોરાક કીડીઓ તથા ઉધઈ છે. ભયનો અહેસાસ થતાં તે પોતાના શરીરને ગોળ વાળીને બોલ જેવો આકાર ધારણ કરી લે છે. તેના મજબૂત ભીંગડાં તેને શિકારી પ્રાણીઓથી રક્ષણ આપવામાં મદદરૂપ બને છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ પેગોલિન ભારતના દુર્લભ અને સંરક્ષિત વન્યજીવો પૈકીનું એક છે. આ પ્રાણી ગેરકાયદેસર શિકાર અને વેપારના કારણે વિશ્વમાં જોખમનો સામનો કરી રહ્યું છે. ભારત ઉપરાંત એશિયા અને આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તેની વિવિધ પ્રજાતિઓ જોવા મળે છે.

# ખંભાળીયા તાબેના ભાતેલમાં કુવામાંથી મગરનું રેસ્કયુ કરાયું

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામમાં સિદ્ધરાજસિંહ જાડેજા નામના એક આસામીની વાડીના કૂવામાં મગર દેખાતા આસપાસના લોકોમાં ભારે કુતૂહલ સાથે ચિંતા ફેલાઈ હતી. આ બનાવ અંગે વનવિભાગને જાણ કરવામાં આવતા તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી.



શનિવારે બપોરના સમયે બનેલી આ ઘટનામાં આર.એફ.ઓ. કલ્યાણપુર તેમજ સલાયા મરીન નેશનલ અને પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત જીવદયા હોસ્પિટલ, ગણેશગઢની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. અંદાજે ૪૦ ફૂટ ઊંડા કૂવામાં ઉતરી મગરને સલામત રીતે બહાર કાઢવા માટે ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

અંતે રેસ્ક્યુ ટીમે મગરને સફળતાપૂર્વક કૂવામાંથી બહાર કાઢી લીધો હતો. ત્યારબાદ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી મગરને તેના અનુકૂળ કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવ્યો હતો. રેસ્ક્યુ કામગીરીને પગલે સ્થાનિક લોકોએ વનવિભાગ તથા રેસ્ક્યુ ટીમની કામગીરીને બિરદાવી હતી.



# દ્વારકા : અકસ્માતે કુવામાં પડેલા યુવાનનું ફાયર ટીમે રેસ્કયુ કર્યું

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા શહેરના રાણેશ્વર ફાટક પાછળના વિસ્તારમાં આવેલા એક અવાવરુ કૂવામાં ૨૯ વર્ષીય યુવક અકસ્માતે ખાબકતાં બનાવ બન્યો હતો. આશરે ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડેલા યુવકને બહાર નીકળવાનો કોઈ રસ્તો ન મળતાં તેણે બૂમાબૂમ કરી હતી. આ દરમિયાન કૂવા પાસેથી પસાર થઈ રહેલા એક યુવકે અંદરથી આવતો અવાજ સાંભળતા કૂવા નજીક જઈ તપાસ કરી હતી. કૂવામાં યુવક પડેલો હોવાનું જણાતા તાત્કાલિક દ્વારકા નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં ફાયર રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ કૂવામાં ઉતરી યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. રેસ્ક્યુ કરાયેલા યુવકનું નામ કિશોરભાઈ રાઠોડ હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર કામગીરીમાં દ્વારકા નગરપાલિકા ફાયર વિભાગના જિતેન્દ્ર કારડીયા, શક્તિસિંહ વાઢેર, અમરાભાઈ ભરવાડ, ભારાભા કેર, શૈતિષ જોરા તથા રાજેન્દ્રસિંહ પરમાર સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# જામસલાયા મુકામે ભારતીય વહાણોના ક્રુ મેમ્બરો માટે સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**સમય સંદેશઃ સલાયા**

સલાયા મુકામે આજરોજ બંદર ઉપર જામનગરના મર્કન્ટાઇલ મરીન ડિપાર્ટમેન્ટ દ્વારા ભારતીયવહાણોના ક્રૂ મેમ્બરો માટે 'સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરાયું હતું. જેમા મોટા પ્રમાણમાં વહાણવટીઓ ભાઈઓ અને ક્રૂ મેમ્બરો હાજર રહ્યા હતા. આ કેમ્પમાં ફાયર સુરક્ષા તેમજ દરિયાઈ સફર દરમ્યાન કટોકટીના સમયે લાઇફ જેકેટ તેમજ લાઇફ બોટ અને અન્ય બચાવના સાધનોનો ઉપયોગ બાબતે તાલીમ અપાઈ હતી. તેમજ સ્થળ ઉપર પ્રેક્ટિકલ પણ ફાયર બાબતે સુરક્ષા કેવી રીતે કરવી એની પણ માહિતી અપાઈ હતી. આ પ્રસંગે એમ.એમ.ડી. કંડલાના પ્રિન્સિપાલ ઓફિસર સતીષ કામત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે દરિયાઈ સુરક્ષાના નિયમોના પાલન પર વિશેષ ભાર મૂક્યો હતો.



# જામજોધપુરમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયાઃ રૂા.૧૭૭૪૦ની રોકડ કબ્જે કરતી પોલીસ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરની ઉમાપાર્ક સોસાયટી, રીંગ રોડ નજીક પોલીસે જાહેરમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસની ટીમે પંચોને સાથે રાખી સ્થળ પર નજર રાખતા ત્રણ પુરૂષો ગંજીપત્તાના પાનાથી પૈસાની હારજીતનો જુગાર રમતા હોવાનું જણાયું હતું.



જેથી પોલીસે દરોડો પાડી વિરમભાઇ શાખસ (ઉ.વ. ૪૫, રહે. ઉમાપાર્ક, જામજોધપુર), ભારમલ સંધીયા (ઉ.વ.૪૦, રહે. જામખંભાળીયા, હરસિદ્ધિનગર) અને નવઘણ પેથાભાઇ આસાણી (ઉ.વ. ૨૫, રહે. સોનલ માતાના મંદિર પાસે, જામજોધપુર)ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અનુક્રમે રૂા.૮,૬૫૦, રૂા.૧,૦૫૦ અને રૂા.૩,૮૦૦ તેમજ જુગારના સ્થળેથી રૂા. ૨૪૦ મળી કુલ રૂા. ૧૭,૭૪૦ રોકડા અને ગંજીપત્તા કબ્જે કર્યા હતા. ત્રણેય સામે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઓખા નજીક બાઈક સ્લીપ થઈ જતાં યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ ઓખા**

ઓખા મંડળના દ્વારકા તાલુકાના વસઈ ગામે રહેતા રાજેશભા ભાવુભા માણેક નામના ૨૮ વર્ષના યુવાન ગત તારીખ ૧૭ ઓગસ્ટના રોજ વસઈ ગામેથી પોતાનું મોટરસાયકલ નંબર જી.જે. ૩૭ સી. ૦૬૬૦ લઈને ઓખા ગામે પોતાના બહેનના ઘરે આંટો મારવા જઈ રહ્યા હતા. ત્યારે ઓખા રેલવે ઓવર બ્રિજ ઉપર ગોલાઈમાં પહોંચતા તેમણે મોટરસાયકલનો વણાંક લેતા અકસ્માતે તેમનું મોટરસાયકલ સ્લીપ થઈ જવા પામ્યું હતું. જેના કારણે તેમને ગંભીર રીતે ઇજાગ્રસ્ત હાલતમાં મીઠાપુરની ટાટા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં શુક્રવાર તા. ૨૧ના રોજ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ સિધ્ધરાજભા માણેક (ઉ.વ. ૩૩) એ ઓખા મરીન પોલીસને કરી છે.

# લાલપુર તાલુકાના હરીપર પાસે અકસ્માતમાં ત્રણ વ્યકિત ઘાયલ

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર નજીક હરીપર ગામ પાસે આવેલા સુપ્રસિદ્ધ ભોળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરીને જામનગર પરત ફરી રહેલા એક પરિવારને માર્ગ અકસ્માત નડ્યો હતો. એસઆરપી કેમ્પ- ચેલા નજીક સ્વીફ્ટ કાર અને મોટર સાઇકલ વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૦૮ની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ત્રણેય ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. અકસ્માતની ઘટનાને પગલે થોડા સમય માટે માર્ગ પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ વિગતો મેળવવા અને જરૂરી કાર્યવાહી હાથ ધરવા પોલીસ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

# સણોસરી નજીક ખાનગી બસ અને કાર અથડાતા જામનગરના વૃદ્ધનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના માધવબાગ વિસ્તારમાં રહેતા અને ખેતીકામ સાથે જોડાયેલા દેવાણંદભાઇ માલદેભાઈ કાંબરીયા (ઉં.વ.૬૨) ગત તા.૨૧ ઓગસ્ટના રોજ સવારે તેઓ પોતાની ક્રેટા કાર લઈ જામનગરથી જામજોધપુર તરફ જવા નીકળ્યા હતા. જે લાલપુર-પોરબંદર રોડ પર સણોસરા ગામના પાટિયા નજીક પહોંચતાં મહાદેવ ટ્રાવેલ્સની ખાનગી બસના ચાલકે બેફિકરાઈથી ચલાવી કારને ટક્કર મારતા ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં દેવાણંદભાઇને માથા સહિત શરીરના જુદા-જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને લાલપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવારની જરૂર જણાતા જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. લાલપુર પોલીસે મૃતકના પુત્ર કલ્પેશભાઇ કાંબરીયાની પોલીસ ફરિયાદ બાદ તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન

### એરફોર્સ જવાન

(પાના નં. ૪ થી આગળ)

પત્ની લવલીન કૌર સાથે બુલેટ મોટરસાઇકલ નં. PB-42-E-5477 પર બહાર ફરવા નીકળ્યા હતા. દંપતી ધુવાવ ગામ નજીક હાઇવે પર પહોંચ્યું. ત્યારે સામેથી વરૂડી ટ્રાવેલ્સની બસ નં. GJ-10-TY-4581 પુરઝડપે અને બેદરકારીપૂર્વક ધસી આવી હતી અને બુલેટ સાથે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઇક પર સવાર ગુરજીંદરસિંઘ અને લવલીન કૌરને માથાના ભાગે સહિત શરીરે ગંભીર ઇજાઓ પહોંચી હતી અને અકસ્માઇમાં ગંભીર રીતે ઘવાયેલા દંપતીનું મોત નીપજતાં પરિવારજનો સહિત એરફોર્સ સ્ટેશનમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

### સોમવારે ભકતો ઉમટયા

(પાના નં. ૪ થી આગળ)

પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર, તેમજ જળેશ્વર મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર અને મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

### બે મહિલા સહિત ૨૨ પકડાયા

(પાના નં. ૩ થી આગળ)

હતા. આ ઉપરાંત સિટી એ ડિવિઝન પોલીસે લાલવાડી આવાસ કૈલાશનગર પાસેથી જુગાર રમતા મેહુલ પરમાર, મહેન્દ્ર મકવાણા, ભાવેશ ગૌસ્વામી તેમજ બે મહિલાઓ કિરણબેન ગોંડલીયા અને રચનાબેન નડિયાપરાને રૂ. ૧૦,૪૫૦ની રોકડ સાથે ઝડપી લઈ ગુન્હો નોંધ્યો છે.

### ભોળેશ્વર પહોંચ્યા

(પાના નં. ૩ થી આગળ)

પદયાત્રીઓની સંખ્યા વધતા વિવિધ સ્થળોએ શિવભક્તોની સેવા માટે સેવા કેમ્પો પણ ઉભા કરવામાં આવ્યા હતા. સૌથી મોટો કેમ્પ ચંગા પાસે આવેલ સરદાર બીગ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં જાણિતા બિલ્ડર ભાવેશભાઇ ગાગીયા અને તેમના મિત્રો દ્વારા દર રવિવારે સાંજે સાતથી મધ રાત સુધી શ્રાવણ માસ દરમ્યાન યોજાઇ છે. આ કેમ્પોમાં પદયાત્રીઓ માટે પ્રસાદ, ચા-પાણી સહિતની વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાત્રિના સમયે લાંબી પદયાત્રા કરતા શિવભક્તોને માર્ગમાં જરૂરી સુવિધા મળી રહે તે માટે સેવાભાવી સંસ્થાઓ તથા શિવભક્તો દ્વારા સેવા આપવામાં આવી હતી.

દરમિયાન, પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જામનગર હોમગાર્ડઝના જવાનો દ્વારા પણ સેવાકીય કામગીરી કરવામાં આવી હતી. રાત્રિના અંધકારમાં પદયાત્રીઓ વાહનચાલકોને સરળતાથી દેખાઈ શકે અને અકસ્માતનો ભય ટાળી શકાય તે હેતુથી હોમગાર્ડઝના જવાનો દ્વારા પદયાત્રીઓના વસ્ત્રો તથા અન્ય સ્થળોએ રેડિયમ રિફ્લેક્ટર લગાવવાની સેવા કરવામાં આવી હતી. રાત્રિના સમયે માર્ગ પરથી પસાર થતા વાહનોના ચાલકોને પદયાત્રીઓ દૂરથી જ નજરે પડે અને તેમની સલામતી જળવાઈ રહે તે માટે હોમગાર્ડઝના જવાનોએ ઉત્સાહપૂર્વક આ સેવાકાર્યમાં ભાગ લીધો હતો. બીજી તરફ, વહેલી સવાર સુધીમાં અનેક પદયાત્રીઓ ભોળેશ્વર મહાદેવ મંદિર તરફ આગળ વધ્યા હતા. ભગવાન ભોળાનાથના દર્શનનો લાભ લીધો હતો. શ્રાવણ માસ દરમિયાન ભોળેશ્વર મહાદેવના દર્શન માટે પદયાત્રીઓની સંખ્યા વધતી હોવાથી જામનગર-લાલપુર માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને પણ રાત્રિના સમયે ખાસ સાવચેતી રાખવા અને પદયાત્રીઓની સુરક્ષામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

### આઈસર ટ્રક ડિવાઈડર

(પાના નં. ૩ થી આગળ)

પેસેન્જર રિક્ષા પણ અકસ્માતની ચપેટમાં આવતા આબાદ બચી ગઈ હોવાનું જાણવા મળે છે. બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં સ્ટ્રીટ લાઈટના પોલ સહિત સરકારી મિલ્કતને નુકસાન થયું છે. જોકે, આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

### જન્માષ્ટમીના લોકમેળા

(પાના નં. ૧ થી આગળ)

સમયનો બચાવ થાય. અહીં મંજૂરીની પ્રક્રિયા બાદ જઉખ કચેરીના મામલતદાર અને ડ્ઢઉ વિભાગના મિકેનિકલ ઈજનેરો દ્વારા રાઈડ્સની સ્થળ પર રૂબરૂ ચકાસણી કરી ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા બાદ જ મનોરંજનના સાધનો ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે મેળા માટે રૂ. ૫ કરોડનું થર્ડ પાર્ટી વીમા કવચ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને સાતમ, આઠમ અને નોમના દિવસોમાં ઉમેટાતી હજારોની ભીડને ધ્યાનમાં રાખીને સમગ્ર મેળા પરિસરમાં સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રહેશે. આ ઉપરાંત, મુલાકાતીઓની સુરક્ષા અને સ્વાસ્થ્યની સુવિધા માટે મેડિકલ ટીમ તેમજ ઈમરજન્સી સેવાઓ માટે ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સની ટીમ મેળાના સ્થળે રાઉન્ડ ધ ક્લોક તૈનાત રાખવામાં આવશે.

### દિવ્યાંગ વૃદ્ધ

(પાના નં. ૧ થી આગળ)

ફંગોળાઈ જતાં તેમને શરીરના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઘવાયેલા વૃદ્ધને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. બનાવ અંગે જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 'કાંદા એક્સપ્રેસ'

(પાના નં. ૧ થી આગળ)

શૃંખલાની પરિસ્થિતિઓને કારણે થાય છે. સરકારે ડુંગળીના સતત વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે પગલાં લીધાં છે અને એક નિવેદનમાં સંપૂર્ણ યોજના શેર કરી છે. સરકારે જણાવ્યું હતું કે બિનજરૂરી ભાવમાં વધઘટ અટકાવવા માટે ડુંગળીના બફર સ્ટોકમાંથી નિયંત્રિત પુરવઠો મુક્ત કરવામાં આવી રહ્યો છે. વધુમાં ડુંગળીના શિપમેન્ટ અને પ્રકાશન સોમવાર (૨૪ ઓગસ્ટ) ના નાસિકથી શરૂ થશે. પ્રથમ તબક્કામાં ચેન્નાઈ, મદુરાઈ, દિલ્હી, કોચી અને ગુવાહાટીનો સમાવેશ થાય છે. 'કાંદા એક્સપ્રેસ' દ્વારા અત્યાર સુધીમાં ૨૦૨૫-૨૬માં ૮૬ રેલ્વે રેકમાં આશરે ૮૮,૦૦૦ મેટ્રિક ટન ડુંગળી ૧૬ મુખ્ય શહેરોમાં પહોંચાડવામાં આવી છે. જરૂર પડ્યે વધારાના શહેરો ઉમેરવામાં આવશે.

### કોકરોચ રિટન્સ

(પાના નં. ૧ થી આગળ)

વિરોધ પ્રદર્શન પાછો ખેંચાયો હતો. સમિતિના સભ્યોએ સરકારની દાનત પર શંકા વ્યક્ત કરી હતી.

CJP તરફથી બહાર પાડવામાં આવેલા લેખિત નિવેદનમાં જણાવાયું કે, '૧ મહિનો વીતી ગયો છે. વચનો પૂરા કરવાને બદલે સરકારે માત્ર વિલંબ કર્યો છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષ પણ સ્પષ્ટ ખાતરી આપી નથી. આ સ્થિતિ ચાલુ રહી શકે નહીં. અમારી ધીરજને નબળાઈ ન ગણવામાં આવે. અમારી સદ્ભાવના સરકાર માટે છેતરપિંડી કરવાની તક બની શકે નહીં. રાષ્ટ્રીય કાર્યસમિતિએ ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં શાંતિપૂર્ણ માર્ચ યોજવાનો નિર્ણય કર્યો છે.'

નીટ પેપર લીક મામલે જંતર-મંતર ખાતે આંદોલન દરમિયાન પક્ષે સરકાર સમક્ષ મુખ્ય ૩ માંગણીઓ રાખી હતી. જેમાં સૌથી મોટી માંગ તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની હતી, જે માંગ પૂરી થયા બાદ આંદોલન પાછું ખેંચવામાં આવ્યું હતું. આ સિવાય અન્ય ૨ મુખ્ય માંગણીઓમાં પેપર લીકની ઘટનાઓને કારણે આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવું અને આંદોલનકારીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાનો સમાવેશ થાય છે. પક્ષનો આરોપ છે કે સરકારે આ બંને વચનો પૂરા કરવાની ખાતરી આપી હતી, જેનો હજુ સુધી અમલ થયો નથી.

### હડતાળની ઘોષણા

(પાના નં. ૧ થી આગળ)

સંગઠન 'યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ' દ્વારા પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ અને ૫ દિવસના બેંકિંગ કામકાજની માંગ સાથે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરવામાં આવી છે.

આ દેશવ્યાપી આંદોલન ત્રણ તબક્કામાં યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ૧૧ સપ્ટેમ્બરે દેશભરમાં એક દિવસની હડતાળ રહેશે, જેની સાથે શનિવાર અને રવિવારની રજાઓ જોડાતા સળંગ ત્રણ દિવસ બેંકો બંધ રહેશે. ત્યારબાદ બીજા તબક્કામાં સપ્ટેમ્બરના અંતમાં ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ કર્મચારીઓ સતત ત્રણ દિવસ હડતાળ પર રહેશે, જેથી શનિ-રવિની રજાઓ ઉમેરીને બેંકો સતત પાંચ દિવસ સુધી બંધ રહેશે. યુનિયનની મુખ્ય માંગણીઓમાં માર્ચ ૨૦૨૪ના ૧૨મા દ્વિપક્ષીય કરાર મુજબ સોમવારથી શુક્રવાર સુધી રોજનો કામકાજનો સમય ૪૦ મિનિટ વધારીને અઠવાડિયામાં ૫ દિવસનું બેંકિંગ લાગુ કરવાનો સમાવેશ થાય છે, જેને હજુ સુધી કેન્દ્ર સરકાર તરફથી લીલી ઝંડી મળી નથી. આ ઉપરાંત, કર્મચારીઓનો આરોપ છે કે નવી સંશોધિત PLI સ્કીમમાં ઉચ્ચ અધિકારીઓ અને સામાન્ય કર્મચારીઓ વચ્ચે મોટો ભેદભાવ રાખવામાં આવ્યો છે, જે અત્યંત અન્યાયી છે.

જો આ બે તબક્કાની હડતાળ બાદ પણ સરકાર દ્વારા માંગણીઓનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો ૨૬ ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની દેશવ્યાપી હડતાળ શરૂ કરવાની ગંભીર ચેતવણી યુનિયન દ્વારા આપવામાં આવી છે. આ આંદોલનના કારણે રાષ્ટ્રીયકૃત બેંકોની શાખાઓના કામકાજ પર મોટી અસર પડી શકે તેમ હોવાથી ગ્રાહકોને પડેલી મુશ્કેલીઓથી બચવા પોતાના નાણાકીય અને બેંકિંગ સંબંધિત અગત્યના કામકાજ સમયસર પતાવી લેવા વિનંતી કરવામાં આવી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# આહીર સમાજ દ્વારા સ્થાનિક સ્વરાજ્યના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સન્માન સમારોહ યોજાયો

## જામનગર-દ્વારકાના સાંસદ પૂનમબેન માડમ અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય

**સમય સંદેશઃ જામનગર**

જામનગર આહીર સમાજ દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા બનેલા આહીર જ્ઞાતિના પ્રતિનિધિઓ માટે શિવમ સોસાયટી સ્થિત આહીર સમાજ ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમનો પ્રારંભ જામનગર-દેવભૂમિ દ્વારકાના સાંસદ પૂનમબેન માડમ, ભીખુભાઈ વારોતરીયા, જામખંભાળીયાના ધારાસભ્ય મુળુભાઇ બેરા, જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા અને આહીર અગ્રણી મુળુભાઈ કંડોરીયાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. સમારોહમાં જામનગર મનપાના ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, ભાણવડ તા.પં. પ્રમુખ પ્રિતેશભાઈ ડાંગર, જામકલ્યાણપુર તા.પં. પ્રમુખ પુરીબેન ગોજીયા, દેવભૂમિ દ્વારકા જિ.પં. કારોબારી ચેરમેન રંજનબેન ડેર, જામનગર જિ.પં. આરોગ્ય સમિતિ ચેરમેન રાજેશભાઈ મકવાણા, દેવભૂમિ દ્વારકા જિ.પં. બાંધકામ સમિતિ ચેરમેન સુમાતભાઈ ચાવડા અને મનપા લાઈટ કમિટી ચેરમેન રિધ્ધીષભાઈ ડેરનું શિલ્ડ આપી વિશેષ સન્માન કરાયું હતું.

આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર મિથિલભાઇ માડમ અને રાજુભાઈ











તસવીરઃ હિરેન ગાંધી

## પંચાયત અને જામનગર મહાનગર પાલિકાના પદાધિકારીઓનું શિલ્ડ આપી કરાયું બહુમાન

કરમુર, જિલ્લા પંચાયત સદસ્યો સાજીબેન ખવા, દેવદાનભાઈ જારીયા, રાજીબેન કરમુર, કરસનભાઈ આંબલીયા, દેવાતભાઈ દેથરીયા, પૂનમબેન કરમુર, અલ્પાબેન ગોજીયા, પરબતભાઈ ગાગીયા અને કનુભાઈ વરૂનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સાથોસાથ વિવિધ તાલુકા પંચાયતના ઉપપ્રમુખો ભાવનાબેન વસરા (લાલપુર), હીનાબેન બારીયા (જામજોધપુર), રાજશીભાઈ ગોજીયા (જામખંભાળીયા), લાખીબેન કરમુર (જામકલ્યાણપુર) તથા જામકલ્યાણપુર તા.પં. કારોબારી સમિતિના ચેરમેન અલ્પાબેન કરમુરનું પણ ગૌરવપૂર્વક બહુમાન કરાયું હતું.

આ સમગ્ર સન્માન સમારોહનું સફળ સંચાલન આહીર સમાજના પ્રમુખ રણમલભાઈ કાંબરીયા, ઉપપ્રમુખ નગાભાઈ નંદાણીયા, મંત્રી રામશીભાઈ ગોરીયા, સહમંત્રી કિશનભાઈ માડમ, ખજાનચી ધરણાંતભાઈ સોલંકી તેમજ કારોબારી સભ્યો સંજયભાઈ મૈયડ, હિતેષભાઈ ગાગલીયા, વિજયભાઈ ધ્રાંગુ, ખીમભાઈ બોદર, મારખીભાઈ બૈડીયાવદરા, પરબતભાઈ માડમ, કાનાભાઈ કરંગીયા, હેમતભાઈ જોગલ, ભાવેશભાઈ ગાગીયા અને લીરીબેન માડમ સહિતના ટ્રસ્ટીઓની જહેમતથી કરવામાં આવ્યું હતું.

# આકસ્મિક મોત અને આપઘાત સહિત ત્રણ કિસ્સા નોંધાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામે રહેતા જયસુખભાઈ ઘનજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૭) છેલ્લા બે-ત્રણ વર્ષથી ડાયાબિટીસની બીમારી સામે ઝઝૂમતા હતા. આ દરમિયાન તા. ૨૨ ની રાત્રે ઘરે હતા તે વેળાએ એકાએક ગભરામણ થઈ હતી અને સવારે બાથરૂમ જતા અચાનક શ્વાસ અને ચક્કર આવ્યા હતા.

જેથી યુવાનને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાતાં હાર્ટએટેકને લીધે તેનું મૃત્યુ થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. આ મામલે મૃતકની પત્ની બંસીબેને જાણ કરતા જામજોધપુર પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઠાકર શેરડી ગામે રહેતા અને ડ્રાઇવિંગ કામ સાથે જોડાયેલા રાજશીભાઈ મેરામણભાઈ કંડોરીયા (ઉ.વ. ૩૯) ખાનગી કંપનીમાં ડમ્પર ચલાવતા હતા. તા.૧૫ ઓગષ્ટના રોજ જોગવડ ગામ નજીક બપોરે ડમ્પર પાર્ક કર્યા બાદ તેઓ ટ્રકના ટાયરમાં પથ્થરની આડશ મૂકવા માટે નીચે ઉતર્યા ત્યારે કોઈ કારણોસર અકસ્માતે ટ્રક નીચે સરકી જતા ટ્રક (ડમ્પર)ના તોતિંગ ટાયર નીચે આવી જતા રાજશીભાઈને પેટના ભાગે ગંભીર ઇજા થઈ હતી. આથી તાત્કાલિક ખાનગી કંપનીની હોસ્પિટલમાં ખસેડાયા બાદ સારવારમાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જેને લઇને પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

આ સિવાય લાલપુર બાયપાસ પાસે આવેલા કર્મચારીનગર નજીક ઝૂંપડપટ્ટીમાં રહેતી મૂળ જાબુઆ એમ.પી.ની વતની મનિષાબેન દિનેશભાઈ બારિયા (ઉ.વ. ૨૦) નામની નવ પરિણીતાએ અકળ કારણોસર ગળાફાંસો ખાઈ અપઘાતનો પ્રયાસ કરી લેતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડાઇ હતી. જ્યાં ગળાના ભાગે ગંભીર ઇજાને પગલે તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. આ બનાવ અંગે તેમના પતિ દિનેશભાઈ બારિયાએ પોલીસને જાણ કરતાં પોલીસે મોતની નોંધ કરી ચોક્કસ કારણ જાણવાની દિશામાં તપાસ લાંબાવી છે.

# ધ્રોલનાં પ્રેસ પ્રતિનિધિ સાથે સાયબર ગઠીયાની છેતરપીંડી : ગુનો દાખલ

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ ખાતે તારીખ ૨૧ ના રોજ અત્રેની બેંક ઓફ બરોડા શાખામાં સેવિંગ એકાઉન્ટ ધરાવતા પત્રકાર અમિત હસમુખભાઈ શેઠ ના ખાતામાં જમા રકમ રૂપિયા ૮૯,૫૩૪/- બેલેન્સ હતી, તેમાં થી રૂપિયા ૮૯,૦૦૦/- તા. ૨૧/૦૮/૨૦૨૬ ના રોજ ઓનલાઈન સાયબર ક્રાઈમ દ્વારા ઉપાડી લેવામાં આવેલ આ અંગેની જાણ ખાતેદારને થતા તેઓએ આ સાયબર ક્રાઇમ દ્વારા આચરવા માં આવેલી આ કાર્યવાહીની જાણ થતા તેઓએ તાત્કાલિક સ્થાનિક બેન્ક ઓફ બરોડા શાખા ના મેનેજરને આ ક્રાઇમ બનાવ બનતા જરૂરી કાયદેસરની કાર્યવાહી કરીને જાણ કરેલ તેમજ સાયબર ક્રાઈમ ગાંધીનગર ને ઓનલાઈન ૧૯૩૦ નંબર ઉપર ફરિયાદ કરેલ. ધ્રોલ ખાતે આ રીતે સાયબર ક્રાઇમ દ્વારા બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૮૯,૦૦૦/- ની રકમ ઉપાડી જતા સ્થાનિક પોલીસ તંત્રને પણ રૂબરૂ જાણ કરીને તાકીદે યોગ્ય કાર્યવાહી હાથ કરવાનું કરેલ છે.

# જન્મ-મરણ શાખામાં ટોકન સિસ્ટમ બાદ સેવા સુધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખામાં અગાઉ ચાલતી ગેરરીતિઓ અને અરજદારોની ફરિયાદોને પગલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ સમિતિની રચના કરી બેદરકાર સ્ટાફની બદલીઓ કરવામાં આવી હતી. ત્યારબાદ તંત્ર દ્વારા વહીવટી પારદર્શિતા લાવવા માટે નવી ટોકન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ નવી વ્યવસ્થાના કારણે દરરોજ દાખલા મેળવવા આવતા સેંકડો અરજદારોને કલાકો સુધી લાંબી લાઈનોમાં ઉભા રહેવામાંથી કાયમી છુટકારો મળ્યો છે અને ફોર્મ જમા કરાવ્યા બાદ ટોકન નંબર મુજબ કામગીરી થતાં વચેટિયાઓ તેમજ દલાલોની દાદાગીરી પર પણ સંપૂર્ણપણે અંકુશ આવી ગયો છે.

નવી પારદર્શક સિસ્ટમ અને કડક વહીવટી પગલાંની સીધી સાનુકૂળ અસર મહાનગરપાલિકાની તિજોરી પર જોવા મળી છે. જૂન માસમાં ટોકન સિસ્ટમ લાગુ થયા બાદ તંત્રને રૂ. ૨,૫૫,૭૪૦ની આવક થઈ હતી, જે જુલાઈ માસમાં વધીને રૂ. ૪,૭૭,૯૯૦ સુધી પહોંચી ગઈ છે.

આમ, માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં શાખાની આવકમાં સીધો બમણો વધારો નોંધાયો છે. આંકડાકીય માહિતી મુજબ જૂન માસમાં જન્મ-મરણના કુલ ૩,૯૯૨ દાખલા આપવામાં આવ્યા હતા, જ્યારે જુલાઈ માસમાં ૩,૬૪૭ વધુ દાખલા નીકળતા આ સંખ્યા વધીને ૭,૬૩૯ સુધી પહોંચી હતી.

હાલ શાખાના કર્મચારીઓ દ્વારા લાઈન વગર સુચારુ અને શિસ્તબદ્ધ રીતે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેથી અરજદારોને કોઈ જ હેરાનગતિ ન થાય. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અરજદારોને જો પ્રક્રિયા અંગે ખ્યાલ ન હોય તો કર્મચારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન અને સમજણ પણ આપવામાં આવી રહી છે. તંત્રના આ હકારાત્મક અભિગમથી અરજદારોમાં ભારે સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# જામનગરમાં શ્રાવણી સોમવારના પ્રથમ દર્શન માટે પદયાત્રીઓ ભોળેશ્વર પહોંચ્યા






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે લાલપુર રોડ પર આવેલા ભોળેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા માટે જામનગર શહેરમાંથી મોટી સંખ્યામાં શિવભક્તોએ પદયાત્રા શરૂ કરી હતી. રવિવારની મોડી રાતથી જ 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે શિવભક્તોના પગલાં લાલપુર તરફ આગળ વધતા જોવા મળ્યા હતા.

જામનગરથી ભોળેશ્વર મહાદેવ સુધી શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે પદયાત્રા કરીને દર્શન કરવાનો મહિમા વર્ષોથી પ્રચલિત છે. જેના પગલે શ્રાવણના બીજા સોમવારની પૂર્વસંધ્યાએ રવિવારની રાત્રિથી જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી શિવભક્તો પદયાત્રામાં જોડાયા હતા. ભક્તો ભોળેશ્વર મહાદેવના દર્શન માટે શ્રદ્ધાભેર પગપાળા નીકળી પડ્યા હતા. જામનગર-લાલપુર ધોરી માર્ગ પર

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રને સ્કુલ બસનું અનુદાન



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં દિવ્યાંગ બાળકોના શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષ માટે કાર્યરત અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રને આઈ.ઓ.સી.એલ. કંપની દ્વારા સી.એસ.આર. યોજના અંતર્ગત નવી સ્કૂલ બસ ભેટ આપવામાં આવી છે. સંસ્થાના પરિસરમાં યોજાયેલા વિશેષ સમારંભમાં જામનગરના સાંસદ પૂનમબેન માડમ, મેયર મોનિકાબેન વ્યાસ તથા અન્ય મહાનુભાવોના હસ્તે આ બસ દિવ્યાંગ બાળકોના અવરજવરની સુવિધા અર્થે અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, માનવતાના મૂલ્યોનું જતન કરતી આ સંસ્થાની મુલાકાત જીવનમાં નવી ઊર્જા આપે છે. તેમણે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે આઈ.ઓ.સી.એલ.ના વડા કોર્પોરેટ યોગદાનને બિરદાવતા ઉમેર્યું કે આ બસ બાળકોના સંતુલિત વ્યક્તિત્વ વિકાસમાં ઉપયોગી સાબિત થશે.

કાર્યક્રમમાં આઈ.ઓ.સી.એલ. (વેસ્ટર્ન રીજન પાઈપ લાઈન)ના ચીફ જનરલ મેનેજર (એચ.આર.) ચંદ્રકિશોરે સંસ્થાની કામગીરીની સરાહના કરતા જણાવ્યું કે નેત્રહીનતા વ્યક્તિના વિકાસમાં બાધક બનતી નથી અને આ બસ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નિમિત્ત બનશે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. પ્રકાશ મંકોડીએ 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬' વિષે માહિતી આપીને આઈ.ઓ.સી.એલ.નો આભાર વ્યક્ત કર્યો હતો. વાડીનાર ખાતે સેવા આપતા સીએમજી વિકાસ સારસૂતે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી-૨૦૨૫માં સંસ્થાની મુલાકાત દરમિયાન સાંસદની ભલામણ અને સંસ્થાની રજૂઆત મળતાં આ સહયોગ પૂરો પાડવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું જ્યારે સંસ્થાના પ્રમુખ ચંદુલાલ રાયચંદ શાહે આઈ.ઓ.સી.એલ.નો આભાર વ્યક્ત કરી આશીર્વચન પાઠવ્યા હતા. સમારંભમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એચ.એમ. રામાણી, આઈ.ઓ.સી.એલ.ના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આઈ.ઓ.સી.એલ. તરફથી સાંસદ પૂનમબેન તથા ચંદુલાલ શાહનું શાલ અને મોમેન્ટો આપી બહુમાન કરાયું હતું, જ્યારે સંસ્થા દ્વારા બંને સીએમજી શ્રી ચંદ્રકિશોર અને શ્રી વિકાસ સારસૂતનું સન્માન કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કોંગ્રેસની માંગ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથીરિયાના નેતૃત્વમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને જિલ્લામાં વરસાદની અછતના કારણે ખેડૂતો સામે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે રજૂઆત કરી હતી.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે વરસાદની અછતને કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પાણી, ઘાસચારો અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ અંગે પણ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે. ખેડૂતોની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરાવી જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારના લોકોને જરૂરી રાહત સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથીરિયા સહિત કોંગ્રેસના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર સમક્ષ ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવા માંગ કરી હતી.

# જામનગરમાં આઇસર ટ્રક ડિવાઇડર ઉપર ચડયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગુલાબનગર વિસ્તાર નજીક એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા આઈસર ટ્રકના ચાલકે અચાનક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ ગયો હતો અને ડિવાઈડર પર ચઢી ગયો હતો.

અકસ્માત એટલો જોરદાર હતો કે ડિવાઈડર પર આવેલો સ્ટ્રીટ લાઈટનો પોલ તૂટીને રસ્તા પર ધરાશાયી થઈ ગયો હતો. પોલ લીમડાના વૃક્ષ સાથે અથડાતા વૃક્ષ પણ પડી ગયું હતું. સદનસીબે, જે સમયે પોલ અને વૃક્ષ રસ્તા પર પડ્યાં તે સમયે ત્યાંથી કોઈ વાહનચાલક કે પદયાત્રી પસાર થઈ રહ્યા ન હોવાથી મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હતી. રોડ પરથી પસાર થતી એક

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાં જુગારના પાંચ દરોડામાં બે મહિલા સહિત ૨૨ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે શ્રાવણી તહેવારો પૂર્વે જ જુગારધામો પર લાલઆંખ કરી પાંચ સ્થળોએ દરોડા પાડ્યા છે. શેઠવડાળા, ગોલણિયા, જામજોધપુર તથા જામનગર શહેરના સાધના કોલોની અને લાલવાડી આવાસ નજીક પાડવામાં આવેલા દરોડામાં કુલ બે મહિલા સહિત ૨૨ જુગારીઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી કુલ રૂ. ૫૩,૨૩૦ની રોકડ રકમ કબજે કરીને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ કાર્યવાહીની વિગત મુજબ, શેઠવડાળા પોલીસે ભૂપત આંબરડી ગામના રસ્તે બાવળના ઝાડ નીચે જુગાર રમતા કિશન આચાર્ય, જયેશ ચાવડા, કિશન જોષી, રણજીત ઉર્ફે રાણા કેશવાલા, હરદાસ હાડગરડા અને નરેશ કનારાને રૂ. ૧૩,૮૫૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જ્યારે સિટી એ ડિવિઝન પોલીસે સાધના કોલોની ગેટ નં. ૧ પાસે દરોડો પાડી દુષ્યંતસિંહ પીંગળા અને મહમદ હુશેન ખફીને રૂ. ૩,૧૬૦ની રોકડ રકમ સાથે પકડી પાડ્યા હતા.

અન્ય બનાવોમાં, કાલાવડ ગ્રામ્ય પોલીસે ગોલણિયા ગામની સીમમાં દુધાળા ડેમ નજીક જુગાર રમતા હંસરાજ કપુરીયા, જીતેષ કપુરીયા, સામંત કરમુર, પિયુષગીરી ગોસ્વામી, લાલજી કપુરીયા અને દિનેશગીરી ગોસ્વામીને રૂ. ૨૧,૮૯૦ની રોકડ સાથે પકડ્યા હતા. જામજોધપુર પોલીસે ઉમાપાર્ક સોસાયટી રીંગ રોડ પાસેથી વિરમ શાખરા, ભારમલ સંધીયા અને નવઘણ આસાણીને રૂ. ૧૭,૭૪૦ની રોકડ સાથે ઝડપ્યા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં કાશી વિશ્વનાથ મહાદેવની ૧૩૩ વર્ષ જૂની ભવ્ય પાલખી યાત્રા યોજાઈ








તસવીરઃ હિરેન ગાંધી

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે 'છોટીકાશી' જામનગરમાં કાશી વિશ્વનાથ યુવક મંડળ (સમસ્ત ખવાસ રજપૂત સમાજ) દ્વારા સુપ્રસિદ્ધ ૧૩૩ વર્ષ જૂની કાશી વિશ્વનાથ મહાદેવની પાલખી યાત્રાનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે નાગનાથ ગેટ પાસે આવેલા ખેત્રીફળી ખવાસ જ્ઞાતિની વાડીએથી પ્રસ્થાન કરેલી આ શોભાપાલખી યાત્રા સવાભાઈની શેરી, કરશનભાઈનો ચોક, દેવુભાનો ચોક, ચારણ ફળી, દાવલશાહ ફળી, શાક માર્કેટ, દીપક ટોકીઝ, પંચેશ્વર ટાવર, સુપર માર્કેટ અને બેડી ગેટ સહિતના વિવિધ માર્ગો પર ભ્રમણ કરી કાશી વિશ્વનાથ મંદિર ખાતે સંપન્ન થઈ હતી. માર્ગો પર ઠેર-ઠેર પાલખી યાત્રાનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દિવ્ય પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસ, શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી, દંડક પ્રવીણાબેન રૂપડિયા, કોર્પોરેટર આશાબેન રાઠોડ, નિલેશભાઈ હાડા તથા પૂર્વ ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા સહિતના રાજકીય-સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'સરકારના ભરોસે રહેવું નથી'; દ્વારકાધીશની છબી રાખી હજારો ખેડૂતોની પૂજા-અર્ચના

### દેવભૂમિ દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે જિલ્લા કોંગ્રેસનો અનોખો વિરોધઃ ૯૪ ટકા વરસાદની ઘટઃ જિલ્લાના તમામ ડેમો સૌની યોજનાથી ભરવા કિસાનોની માંગણી





**સમય સંદેશઃ દ્વારકા**

ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસાનો પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં અને અડધી સીઝન વીતી ગયા પછી પણ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૬.૪૧ ટકા જ સરેરાશ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ૯૪ ટકા વરસાદની વિપુલ ઘટ સામે આવી છે; જેમાં તાલુકાવાર જોઈએ તો ભાણવડમાં ૯.૭૫%, ખંભાળિયામાં ૯.૫૪%, કલ્યાણપુરમાં ૩.૪૧% અને દ્વારકા તાલુકામાં ૨.૨૮% જેટલો અત્યંત ઓછો વરસાદ પડ્યો છે. જિલ્લામાં એક સાથે એક ઈંચ વરસાદ પણ પડ્યો નથી. વર્ષ ૨૦૧૯થી સૌની યોજના દ્વારા નર્મદાના પાણીથી સાની, સિંહણ, સોરઠી, સેઢા ભાડથરી, સિંધણી, ગઢકી, ઘી, વર્તુ અને મેધાક્કિક સહિતના ડેમો ભરવાનું આયોજન હતું. પરંતુ આવી કટોકટીની સ્થિતિમાં પણ જો ડેમો ન ભરવામાં આવે તો આ યોજના માત્ર શોભના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી છે.

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૬ના દુષ્કાળ મેન્યુઅલ મુજબ ૬૦ ટકાથી વધુ વરસાદની ઘટ હોય તેને અતિ ગંભીર પરિસ્થિતિ ગણવામાં આવે છે અને ''મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'' મુજબ સતત ચાર અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો તે વિસ્તારને અછતગ્રસ્ત ગણવાની જોગવાઈ છે. આ નિયમોને આધારે દ્વારકા જિલ્લાના ખેડૂતો, પશુપાલકો અને નાગરિકોએ દ્વારકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા, સૌની યોજના મારફતે તમામ ખાલી ડેમો તાકીદે ભરવા અને ચાલુ વર્ષનું પાક ધિરાણ માફ કરવાની અપીલ કરી છે. જો આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે જન આંદોલન છેડવાની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

બીજી તરફ, તાજેતરમાં જીતુભાઈ વાઘાણીએ 'સરકારના ભરોસે રહેવાને બદલે દ્વારકાધીશના શરણે જવા' અંગે આપેલા નિવેદન સામે ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો બધું દ્વારકાધીશ પર જ છોડવાનું હોય તો તેમણે કૃષિમંત્રી પદેથી રાજીનામું આપી દેવું જોઈએ. આ નિવેદનના વિરોધમાં હજારો ખેડૂતોએ ભગવાન દ્વારકાધીશની છબી મૂકી પૂજન-અર્ચના કરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે ડેમ ભરીને રાહત પહોંચાડવાની જવાબદારી સરકારની છે, નહીં કે દ્વારકાધીશની.

## ધુવાવના અકસ્માતમાં એરફોર્સ જવાન અને પત્નીનું મોત

### દંપતી એરફોર્સ સ્ટેશનથી બહાર બુલેટ પર ફરવા નીકળ્યું'તું, સામેથી ધસી આવેલી લક્ઝરી બસે બાઈકને અડફેટે લેતા કરૂણાંતિકા



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ હાઈવે પર ધુવાવ ગામ નજીક રવિવારે સાંજે બુલેટ બાઇક અને ખાનગી લક્ઝરી બસ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં જામનગર એરફોર્સમાં ફરજ બજાવતા જવાન અને તેમની પત્નીના કમકમાટીભર્યા મોત નીપજતાં અરેરાટી મચી ગઈ હતી.

બાઇક પર સવાર દંપતી એરફોર્સ સ્ટેશનથી બહાર ફરવા નીકળ્યું હતું. દરમિયાન સામેથી પુરઝડપે આવેલી લક્ઝરી બસે તેમની બુલેટને અડફેટે લેતાં આ કરૂણાંતિકા સર્જાઈ હતી. પંચકોષી એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર, તા. ૨૩ ઓગસ્ટના સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં જામનગરથી રાજકોટ તરફ જતા હાઇવે પર ધુવાવ ગામ નજીક બસ અને બાઇક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

એરફોર્સ સ્ટેશનમાં અને તેમાં જ ફરજ બજાવતા ગુરજીંદરસિંઘ ગુરમીતસિંઘ પોતાની

અનુ પાના નં.૨ પર

## જામનગરના શિવ મંદિરોએ બીજા શ્રાવણી સોમવારે ભકતો ઉમટયા



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

અનેક શિવાલયોથી શોભતા જામનગરમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. વહેલી સવારથી જ શહેરના વિવિધ શિવાલયોમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને અનેક સ્થળોએ દર્શન માટે કતારો જોવા મળી હતી. સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તોએ વહેલી સવારથી જ ભગવાન ભોળાનાથના દર્શન કરી બિલિપત્ર અર્પણ કર્યા હતા. અનેક ભક્તોએ જલાભિષેક અને રુદ્રાભિષેક સહિતની પૂજા-અર્ચના કરી ભગવાન શિવને રીઝવવા પ્રાર્થના કરી હતી. જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરની મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર,

અનુ પાના નં.૨ પર

## શ્રાવણ માસના બીજા સોમવારે જામનગર જિલ્લા જેલમાં કેદીઓ માટે ફરાળની વ્યવસ્થા કરાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે જામનગર જિલ્લા જેલમાં બંધ કેદી ભાઈ-બહેનો માટે વી.વી. ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ શ્રી પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ - જલારામ સેવા ટ્રસ્ટ (હાપા) દ્વારા વિશેષ ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેલ સુપરિન્ટેન્ડેન્ટ પી.પી. પટેલ, જેલર બી.વી. રાયજાદા, ગલબા સાહેબ, ઠાકોર સાહેબ, જનરલ સુબેદાર હિંમતસિંહ બારડ અને જેલર રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન તથા સૂચન મુજબ આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે નટુભાઈ ત્રિવેદી, નવનીતભાઈ સોમૈયા, જયેશભાઈ ખીમસુરિયા, ભાવેશ દત્તાણી, વિરલ બગલ અને સંસ્થાના કાર્યકરો દ્વારા જિલ્લા જેલમાં ૧૫૦ જેટલા કેદીઓ સુધી પ્રેમપૂર્વક ફરાળ પહોંચાડવામાં આવ્યું હતું.

## જામનગરમાં કારખાનાના મેનેજરે કરી ૭૩.૬૬ લાખની છેતરપીંડી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના દરેડ જીઆઇડીસી ફેઝ-૩ ખાતે 'અરજણ પ્રિસીઝન મેટલ પ્રા.લિ.' નામની કંપની ચલાવતા દિલીપભાઈ ટેકચંદભાઈ ચંદનાણી (ઉ.વ.૫૫) નોંધાવેલી ફરિયાદ અનુસાર કંપનીમાં બ્રાસ પાર્ટ્સના ઓટો પાર્ટ બનાવવામાં આવે છે અને આશરે ૧૦૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે. કંપનીમાં બ્રાસ સ્ક્રેપ તથા ફિનિશ્ડ માલના સ્ટોકમાં ઘટ જોવા મળતા ઈઈઝટ કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન કંપનીમાં તા.૭ મે ૨૦૨૫થી સ્ટોર વિભાગમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા દિવ્યરાજગીરી સુરજગર ગૌસ્વામી દ્વારા તેની નીચે કામ કરતા કર્મચારીઓ તથા એક રિક્ષા ચાલકની મદદથી કંપનીના સ્ક્રેપ વિસ્તારમાંથી બ્રાસ સ્ક્રેપ અને ફિનિશ્ડ માલ બહાર મોકલવામાં આવતો હોવાનું પ્રાથમિક રીતે તપાસમાં આવ્યું હતું, કંપનીના સ્ટોકનો હિસાબ કરતા અલગ અલગ પ્રકારના સ્ક્રેપ અને ફિનિશ્ડ માલ મળી કુલ રૂ.૭૩,૬૬,૩૫૮ ની કિંમતનો માલ કંપનીની જાણ બહાર કાઢી લેવાયો હોવાનું સામે આવ્યું હતું.

બાદમાં આરોપી દિવ્યરાજગીરી ગૌસ્વામીએ ફરિયાદીનો સંપર્ક કરી તા.૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ સમજૂતી કરાર કર્યો હતો અને ચોરી થયેલા માલની રકમ પરત આપવાની ખાતરી આપ્યા બાદ ફરિયાદી દ્વારા અગાઉની અરજી પરત ખેંચવામાં આવી હતી. ત્યારબાદ આરોપીએ હપ્તાવાર કુલ રૂ.૨૯ લાખ રોકડા ચૂકવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જોકે બાકીના રૂ.૪૪,૬૬,૩૫૮ ચૂકવ્યા ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદીનો વધુ આક્ષેપ છે કે કંપનીમાંથી આશરે ૧૦ ટન જેટલો બ્રાસ સ્ક્રેપ અને ફિનિશ્ડ માલ ચોરી કરી વેચવામાં આવ્યો હતો અને તેની રકમ આરોપીના પોતાના બેંક ખાતા ઉપરાંત તેના ભાઈ તથા અન્ય સગાના બેંક ખાતામાં લેવામાં આવી હોવાની વિગતો સામે આવી છે.

આ સમગ્ર મામલે દિવ્યરાજગીરી સુરજગર ગૌસ્વામી વિરુદ્ધ પૂર્વઆયોજિત કાવતરું રચી કંપનીમાં નોકરી મેળવી બાદમાં કંપનીનો માલ સગેવગે કરી વેચી નાખવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉપરાંત, તેની સાથે સંડોવાયેલા અન્ય લોકોના નામ તપાસ દરમિયાન ખુલશે તેવી ફરિયાદમાં માંગ કરવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં નિવૃત્ત કર્મચારીની તરફેણમાં શિક્ષણસમિતિને નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મ્યુ. કોર્પો.હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિવૃત કર્મચારી મનોજભાઈ ભટ્ટ તેમજ જીતેન્દુભાઈ કેશવાણીની હકક રજાની રકમ કોર્ટના આદેશ અનુસાર ન ચુકવાતા મામલતદારશ્રી (જામનગર શહેર) ધ્વારા જમીન મહેસુલ કાયદાની કલમ -૨૦૦ ની નોટીસ જાહેર કરી છે.

જામનગર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિવૃત કર્મચારી મનોજભાઈ ભટ્ટ તથા જીતેન્દ્રભાઈ કેશવાણી કે જેઓ નિવૃતીના લાભો પૈકી હકક રજાની રોકડ રૂપાંતરીત રકમ અનુક્રમે (૧) રૂા. ૫,૩૧,૦૦૦/- પ્રમાણપત્ર તા. ૦૩/૦૪/૨૦૨૬ પત્ર ક્રમાંક: વસુલાત પ્રમાણપત્ર /૧૧/૨૦૨૬ તથા (૨) ૪,૫૬,૬૦૦/- જેનું પ્રમાણપત્ર તા. ૦૩/૦૪/૨૦૨૬ પત્ર ક્રમાંકઃ વસુલાત પ્રમાણપત્ર / ૧૨/૨૦૨૬ મજુર અદાલત નં.-૨, જામનગર ધ્વારા રેવન્યુ રાહે વસુલાતી કાર્યવાહી સંબંધે સર્ટીફીકેટ કાઢી આપેલ. જે સંબંધે કલેકટરશ્રી, જામનગર ધ્વારા મામલતદાર, (જામનગર શહેર) ને રેવન્યુ રાહે વસુલાતી કાર્યવાહી કરવા સંબંધે મોકલેલ તે સંબંધે જમીન મહેસુલ કાયદા અન્વયે અનુક્રમે કલમ ૧૫૨, ૧૫૫, નાયબ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા તથા શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, જામનગર ને નોટીસ ઈસ્યુ કરેલ હતી.

જે અનુસાર રકમ જમા ન કરતા શહેર મામલતદાર, જામનગર ધ્વારા તા. ૧૭/૦૮/૨૦૨૬ ના રોજ જમીન મહેસુલ કાયદાની કલમ- ૨૦૦ ની નોટીસ આપવામાં આવેલ છે. આ કામમાં નિવૃત કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે પંકજભાઈ આર. જોશી, જનરલ સેક્રેટરી, મજુર મહાજન સંઘ, જામનગર ધ્વારા મજુર અદાલત, જામનગર રજુઆત કરેલ છે.

## મોખાણામાંથી ૧.૨૩ લાખના વીજવાયરની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના જૂના મોખાણા ગામે રહેતાં મુન્નાભાઇ જેન્તીભાઇ પારજીયા (ઉ.વ.૩૬) નામના ખેડૂત યુવાને અજાણ્યા શખ્સ સામે પોતાની વાડીની ઓરડીમાં રાખેલ તથા મોટરમાં ફીટ કરેલ વાયરોની ચોરી કરવા અંગે ફરિયાદ નોંધાવી છે. પંચકોષી બી ડિવિઝન પોલીસ મથકેથી ચોરીના આ બનાવની વિગત મુજબ કોઇ અજાણ્યો ચોર ગત તા.૧૭/૮ ના રાત્રીના આઠ વાગ્યાથી તા.૧૮/૮ ના સવારના આઠ વાગ્યાના સમયગાળા દરમિયાન ફરિયાદી મુન્નાભાઇ પારજીયાની વાડીમાંથી ઇલેક્ટ્રીક મોટરમાં ફીટ કરેલ તથા ઓરડીમાં રાખેલ રૂા.૧,૨૩,૨૫૦ ની કિંમતના ૭૦૫ ફૂટ કેબલ વાયરની ચોરી કરી નાશી ગયો હતો. ફરિયાદના આધારે પોલીસે આ અજાણ્યા ચોર સામે બીએનએસની કલમ ૩૦૩(૨), ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબ ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

## કલ્યાણપુરના યુવાન પાસે તોતિંગ વ્યાજ વસૂલવા સબબ ફરિયાદ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુરના કર્મયોગી સોસાયટી વિસ્તારમાં રહેતા મુરૂભાઈ હાજાભાઈ આંબલીયા નામના ૪૯ વર્ષના યુવાનને વર્ષ ૨૦૧૧ ના સમયગાળામાં દ્વારકા નજીક આવેલા મોટા ભાવડા ગામની સીમમાં જમીન ખરીદવી હતી. જે ખરીદી માટે રૂ. ૬૩ લાખની કિંમત નક્કી થઈ હતી. આ જમીન વેચાતી લેવા માટે દસ્તાવેજ કરવા તેમણે રૂ. ૩૮ લાખની રકમ વેંચનાર પાર્ટીને ચૂકવી દીધી હતી. બાકી રહેતા રૂ. ૨૫ લાખ દસ્તાવેજની તારીખે આપવાનું નક્કી થયું હતું. આ પછી ફરિયાદી મુરુભાઈ આંબલીયા પાસે ૨૫ લાખની રકમની સગવડ થઈ શકી ન હતી. આથી તેમણે આરોપી એવા સવાભાઈ વીરાભાઈ આંબલીયા (રહે. પતીરા વાડી, દેવળીયા ) પાસેથી તા. ૨૯ જુલાઈ ૨૦૧૧ ના રોજ રૂ. ૨૫ લાખની રકમ દ્વારકાની રજીસ્ટ્રાર કચેરી ખાતેથી લીધી હતી. જે બદલ ફરિયાદીએ આરોપીને ૩૦ ટકા વાર્ષિક વ્યાજ ચૂકવવાનું જણાવ્યું હતું.

ફરિયાદીને આરોપીએ આ દસ્તાવેજ જેસાભાઈ નામના એક આસામીના નામથી કરી આપવાનું જણાવ્યું હતું. આ પછી વર્ષ ૨૦૨૪ સુધીના આશરે ૧૪ વર્ષ જેટલા સમયગાળા દરમિયાન ફરિયાદી મુરુભાઈએ આરોપી સવાભાઈને પુરેપુરા વ્યાજ તેમજ રકમ સહિત કુલ રૂ. ૪૪ લાખ ૫૬ હજાર ૩૨૨ ની રોકડ ચૂકવણી કરી હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે. આમ છતાં પણ આરોપીએ ફરિયાદી પાસેથી વધુ વ્યાજની વારંવાર ઉઘરાણી કરી, તેમને બિભત્સ ગાળો ભાંડી, વારંવાર વ્યાજ લેવા સબબ દ્વારકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ પ્રકરણ સંદર્ભે પોલીસે બી.એન.એસ. તથા નાણા ધીરધાર અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ દ્વારકાના મહિલા પી.એસ.આઈ. પાયલબેન ડાંગર દ્વારા હાથ ધરવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com